**આ**જે તાજ પૅલેસ હોટેલમાં સવારથી જ ચહલપહલ હતી. ક્રિસ્ટલ રૂમ ખોલી નખાયો હતો. ખુરશીઓ પર સાટિનનાં કવર્સ, એના પર મોટી મોટી બૉ લગાવીને ગોળ ટેબલોની આજુબાજુ ગોઠવી દેવાઈ હતી.

કાર્યક્રમ તો સાંજે સાડા સાત વાગ્યે હતો, પણ તૈયારી સવારે અગિયાર વાગ્યાથી શરૂ થઈ ગઈ હતી. સામાન્ય રીતે આ બધું કામ ઇવેન્ટ મૅનેજમેન્ટ અને ફૂડ-બેવરેજિઝ ડિપાર્ટમેન્ટનું હતું. તાજ હોટેલમાં આવી પાર્ટી રોજ થતી રહેતી. એમના માટે આવી પાર્ટી બહુ નવાઈની વાત ન હોય, તેમ છતાં આજે જનરલ મૅનેજર જાતે બધી વ્યવસ્થા ચેક કરવા આવ્યા હતા.

તાજના જનરલ મૅનેજર એસ. શ્રીધરન ક્રિસ્ટલ રૂમની વચ્ચોવચ ઊભા રહીને જાતે સૂચના આપતા હતા. ટેબલ્સનાં અલાઇન્મેન્ટ જોઈ રહ્યા હતા. એકેએક ખુરશી પર લગાવેલી બૉ પરફેક્ટલી સેટ થયા છે કે નહીં એ એમણે જાતે ચેક કર્યું. બધી જ ખુરશીઓમાં ઑફ વ્હાઇટ બૉ લગાડી હતી, જ્યારે બે ખુરશીઓ રેડ બૉથી સજાવવામાં આવી હતી. એકમાં મહિમા જયસિંહ બેસવાનાં હતાં, જ્યારે બીજી આજના કાર્યક્રમમાં હાજર રહેનારા એક બીજા ખાસ મહેમાન માટે ગોઠવાઈ હતી! એ મહેમાન કોણ હતા એની કોઈને ખબર નહોતી! ચીફ શેફ ટ્રોલીમાં બધું જ ખાવાનું લઈને આવ્યા. એકેએક વાનગી શ્રીધરને જાતે ચાખી...

આમ તો દરેક ડિપાર્ટમેન્ટ પોતાનું કામ પરફેક્ટલી કરતો રહેતો. કોઈએ કોઈના કામમાં દખલ દેવાની, તપાસ કરવાની કે ચેક કરવાની જરૂરત જ નહોતી... તેમ છતાં આજે આઇટીસી કંપનીના ડિરેક્ટર અને બોર્ડ મેમ્બરના વારાફરતી ફોન આવ્યા હતા. શ્રીધરનને આજની પાર્ટી પરફેક્ટલી સચવાઈ જાય એ માટે જાતજાતની સૂચનાઓ આપવામાં આવી હતી.

કારણ એક જ હતું - આજની પાર્ટીમાં મહિમા જયસિંહ જાતે આવવાનાં હતાં. મહિમા જયસિંહ માત્ર મુંબઈ જ નહીં, નૅશનલ અખબારો માટે પેજ-૩ પર્સનાલિટી હતાં.

એ ભાગ્યે જ કોઈ જાહેર ફંક્શનમાં હાજરી આપતાં. કમિટીની મીટિંગ, જરૂરી અધિવેશનો, સેમિનાર કે બીજી દરેક કામની જગ્યાએ મહિમા જયસિંહ ન હોય એવું ન બને... અને પાર્ટી કે ઍવૉર્ડ સમારંભોમાં મહિમા જયસિંહની હાજરી બહુ જ ખાસ પ્રસંગ બની રહેતી!

આટઆટલાં ઍસોસિયેશન્સ, ક્લબ્સ અને બીજી અનેક જગ્યાઓએ મહિમા જયસિંહ છુટ્ટે હાથે દાન કરતાં. કેટલાય વિદ્યાર્થીઓને ભણાવતાં. કેટલાય વિધવા આશ્રમો, અનાથ આશ્રમો અને સ્કૂલ્સમાં મહિમા જયસિંહની સહીવાળા ચેક દર મહિને પહોંચી જતા. છતાંય વારંવારની વિનંતીઓ, અનેક આમંત્રણો છતાં મહિમા જયસિંહે આજ સુધી કોઈ ઍસોસિયેશન, કોઈ ક્લબ કે કોઈ સંગઠનમાં એક પણ પદ સ્વીકાર્યું નહોતું. એટલી હદ સુધી કે સરકારે એમને મેમ્બર ઑફ પાર્લમેન્ટ બનવાનું આમંત્રણ આપ્યું એ પણ એમણે સવિનય નકાર્યું હતું!

પોતાના હાથે કોઈને ઍવૉર્ડ આપવો, માનપત્ર આપવું કે શાલ ઓઢાડવાની પ્રવૃત્તિ પણ એ સ્પષ્ટ રીતે નકારી દેતાં. કાર્યક્રમમાં હાજર રહેવું - બસ! એ સિવાય એ ભાગ્યે જ એવું કશું પણ કરતાં, જેનાથી એમની હાજરીની નોંધ વરતાય. તેમ છતાં એમની હાજરી માત્ર કોઈ પણ જાહેર સમારંભ માટે એટલું મોટું સન્માન બની જતી કે એમને બોલાવવા, હાજર રાખવા મોટા મોટા લોકો અને સંસ્થાઓ લગભગ કરગરવાની હદ સુધી આવી જતાં.

મહિમા જયસિંહની એક બીજી વાત એમના વ્યક્તિત્વને ખૂબ જ રસપ્રદ બનાવતી. એ ક્યારેય, કોઈ સમારંભમાં ભાષણ કરવાનું કે કશું જ બોલવાનું સ્વીકારતાં નહીં! રિબન કાપવી, દીપ પ્રગટાવવો, ફૂલો સ્વીકારવા, સન્માનપત્ર કે શાલ સ્વીકારવી... આવી કોઈ પણ બાબત માટે એ પહેલેથી જ સ્પષ્ટ ના કહી દેતાં. એમના સેક્રેટરી કમ પર્સનલ આસિસ્ટન્ટ ગોપાલબાબુના હસ્તાક્ષરવાળો પત્ર કોઈ આમંત્રણ સ્વીકારે કે તરત જ લાગતી-વળગતી વ્યક્તિઓ સુધી પહોંચી જતો, જેમાં આ બધી સૂચનાઓની સાથે એ કેટલી મિનિટ હાજરી આપશે... કોને કોને હાજર રાખવા અને કોને કોને ગેરહાજર રાખવા એ અંગેની કોઈ ગેરસમજ વગરની લેખિત સૂચનાઓ અપાઈ જતી.

મુખ્યમંત્રી, મિનિસ્ટર્સની સાથે પણ જો કાર્યક્રમમાં હાજરી આપવાની હોય તો મહિમા જયસિંહ પોતાની હાજરીની મિનિટ પહેલેથી જ સ્પષ્ટ કરી દેતાં. ઘણી વાર તો એવું બનતું કે મહિમા જયસિંહની હાજરી હોય અને મુખ્યમંત્રી મોડું કરે તો કાર્યક્રમ શરૂ કરી દેવો પડતો! એમની હાજરી માત્ર પ્રેસ અને મીડિયા માટે ઉજાણી બની રહેતી. ફ્લૅશ લાઇટ અને વિડિયો કૅમેરાઝ માટે મહિમા જયસિંહનું ઉપસ્થિત હોવું એટલી મોટી ઘટના બની રહેતી કે એમની સાથે હાજર મહત્ત્વની વ્યક્તિઓને ક્યારેક અવગણવાની લાગણી થતી.

૨૬/૧૧ની ઘટના પછી આજે તાજમાં પહેલી વાર કોઈ આટલી બધી વી.વી.આઇ.પી. વ્યક્તિ પધારી રહી હતી. સિક્યોરિટીનાં બધાં જ પાસાં વારંવાર ચકાસાઈ ગયાં હતાં. શ્રીધરને વ્યવસ્થાની પૂરેપૂરી કાળજી લીધી હતી.

તેમ છતાં ડાયમંડ ઍસોસિયેશનના સભ્યો મનોમન ફફડતા હતા. મહિમા જયસિંહને ક્યારે કઈ વાતમાં વાંધો પડે એ કળવું અઘરું હતું.

મહિમા જયસિંહનો મૂડ ક્યારે બદલાઈ જાય એની ભાગ્યે જ કોઈને ખબર પડતી. એ બને ત્યાં સુધી સૌને મદદ કરતાં. કોઈ સાથે બગાડતાં નહીં અને જો કોઈ એમને નડી જાય તો માણસની કારકિર્દીનાં બધાં જ વર્ષો મહિમા જયસિંહના એક જ ફટકામાં પૂરાં થઈ જતાં. માત્ર ભારતની જ નહીં, દેશ-વિદેશના કૉર્પોરેટ માર્કેટમાં આવા દાખલા મોજૂદ હતા. મહિમા ખૂબ ગણતરીબાજ હતી. બિઝનેસ કરવામાં એના જેવું મગજ અને બુદ્ધિ ભાગ્યે જ કોઈ પાસે હોય અને એમાંય સ્ત્રી તરીકે એકલા હાથે આટલી બધી કંપનીઝ ચલાવીને એણે એવું સાબિત કરી દીધું હતું કે સ્ત્રી ધારે તે કરી શકે છે! મોટા મોટા સેમિનાર્સમાં - બોર્ડ મીટિંગ્સમાં કે બિઝનેસ ડીલ્સમાં મહિમા એક વાર પોતાનો નિર્ણય જાહેર કરે પછી ભાગ્યે જ કોઈ એનો વિરોધ કરવાની હિંમત કરી શકતું.

આનાં બે-ત્રણ કારણો હતાં. મહિમા સત્તર વર્ષની હતી ત્યારે એના પિતા જયસિંહ રાઠોડનું ખૂન થયું. બે નાના ભાઈઓ સાથે આટલી બધી સંપત્તિ મહિમા માટે સાપનો કરંડિયો બની રહી. અજયસિંહ અને અર્જુનસિંહની ઉંમર ત્યારે પંદર અને બાર વર્ષની હતી. મહિમાની માતાનું મૃત્યુ અર્જુનસિંહના જન્મસમયે જ થઈ ચૂક્યું હતું.

મહિમાના કાકા - જયસિંહ રાઠોડના ભાઈ - વિરાજસિંહ રાઠોડ તરફ આ ખૂનના ગુનેગાર તરીકે આંગળી ચીંધાઈ, પરંતુ એવા કોઈ પુરાવા નહોતા, જેને કારણે વિરાજસિંહને સજા થઈ શકે.

જયસિંહની અગમચેતી ગણો કે સમજદારી, પણ એમણે પોતાનું વિલ પહેલેથી કરી રાખ્યું હતું! અનડિવાઇડેડ હિન્દુ ફૅમિલી (એચયુએફ) પ્રમાણે વિરાજસિંહને એમની સંપત્તિ પહેલેથી જ મળી ચૂકી હતી. એટલે જયસિંહની સંપત્તિ પર કાયદેસર રીતે વિરાજસિંહનો કોઈ અધિકાર નહોતો એવું કોર્ટમાં સાબિત થયું. સત્તર મહિના સુધી મહિમા સગીર હોવાને કારણે વિરાજસિંહની કસ્ટડીમાં રહી.

મહિમા અઢાર વર્ષની થઈ ત્યારે એને લગભગ બેથી અઢી હજાર કરોડની સંપત્તિ વારસામાં મળી. પિતાના વારસાને અંદાજી શકે એ પહેલાં તો એણે આ બધી જ સંપત્તિ સંભાળવી પડી.

આ બાબતને એ સમયનાં અખબારોએ મરીમસાલા છાંટીને એટલી તો ચગાવી કે મહિમા જયસિંહ અખબારો માટે ચટપટા ચણાજોર ગરમની જેમ એક રસપ્રદ વાનગી બની ગઈ. મહિમા ક્યાં જાય છે? મહિમા શું કરે છે? મહિમા શું ખાય છે? મહિમાને કયા રંગ ગમે છે? મહિમા ઘરમાં શું કપડાં પહેરે છે અને બહાર કયાં વસ્ત્રપરિધાન કરે છે? મહિમાએ શાનું શૉપિંગ કર્યું અને મહિમા કઈ પાર્ટીમાં હતી? આ બધી જ વિગતો અખબારો માટે મજેદાર સમાચાર બની જતી. સત્તર વર્ષની ઉંમરે અબજોપતિ બની ગયેલી એક નાજુક - નમણી - સુંદર છોકરી ભારતની જનતા માટે પણ રસનો વિષય બની ગઈ...

મહિમાના અંગત જીવનને અખબારોએ એટલું ચૂંથ્યું કે ધીમે ધીમે મહિમાએ પોતાની જાતને બંધ બારણા પાછળ કેદ કરવા માંડી. જાહેર સમારંભોમાં, ફંક્શન્સમાં, પાર્ટીઝમાં જવાનું ટાળવાથી શરૂ કરીને એણે ધીમે ધીમે મિત્રવર્તુળ એટલું નાનું કરી નાખ્યું કે એમાં પોતાની જાત સિવાય કોઈ માટે જગ્યા જ ન રહી.

અઢારમું વર્ષ પૂરું થયું એ દિવસે મહિમાએ પહેલી વાર ‘રાજપૂતાના કૉર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડ’ની ઑફિસમાં પગ મૂક્યો. તે દિવસથી શરૂ કરીને ત્રણ દાયકા કરતાં વધુ સમય પૂરો થવા છતાં આજે પણ મહિમા જયસિંહની ગ્લૅમર અને ન્યૂઝવૅલ્યૂ અકબંધ હતી.

એણે રાજપૂતાના હોટેલ્સમાંથી રાજપૂતાના ડાયમંડ્સ, રાજપૂતાના કૉસ્મેટિક્સ અને રાજપૂતાના પેટ્રોલિયમ્સ અને રાજપૂતાના ટેલિકૉમ જેવાં અનેક એક્સપાન્શન કરતાં કરતાં ‘રાજપૂતાના’ની છત્રી એટલી વિશાળ કરી નાખી કે હવે ફક્ત ગ્લૅમર માટે નહીં, પરંતુ દેશની પ્રથમ દસ આર્થિક સધ્ધર કંપનીઝમાં પણ મહિમા જયસિંહની નોંધ લેવી અનિવાર્ય બની ગઈ.

■

એ, મહિમા જયસિંહે આજે તાજ હોટેલ્સમાં યોજાયેલા ડાયમંડ ઍસોસિયેશન ઑફ ઇન્ડિયાના વાર્ષિક સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે આવવાનું કબૂલ્યું હતું.

મહિમા જયસિંહની હાજરી માત્ર મીડિયાને પાગલ કરી નાખશે એવી ઍસોસિયેશનના સભ્યો અને કમિટીના સભ્યોને ખાતરી હતી. મહિમાનો મિજાજ સાચવીને આ કાર્યક્રમ જો હેમખેમ પાર પડે તો ઍસોસિયેશનના નવા બિલ્ડિંગ, ક્લબ હાઉસ અને હૉલ માટે મહિમા મોટું દાન કરી શકે એવી પણ એમને ગરજ હતી.

ઍસોસિયેશનના સભ્યો અધ્ધર જીવે બધી જ વ્યવસ્થાને ફરી ફરીને ચેક કરી રહ્યા હતા. અચાનક ઍસોસિયેશનના ખજાનચી રાજેશ ગઢિયાએ મજાક કરી, "આવશે તો ખરીને? આટલો બધો મુજરો કરાવ્યા પછી ફરી તો નહીં બેસેને?"

"ના, ના..." ડાયમંડ ઍસોસિયેશનના પ્રેસિડન્ટ અર્જુનસિંહે દૃઢતાથી કહ્યું, "એક વાર હા પાડી છે એટલે જરૂર આવશે." પછી જરા ખંધા સ્મિત સાથે ઉમેર્યું, "આવશે તો ખરી, ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે..."

રમણ સાંગાણીએ આંખ મારી, "ટૂંકમાં આજે બરાબરનો ટ્રેપ ગોઠવ્યો છે, એમને?"

"સમજે છે શું એના મનમાં? આટલાં વર્ષોથી અમે અહીંયાં હજામત કરીએ છીએ? છેક એન્ટવર્પ સુધી ગુજરાતી ઍસોસિયેશન્સમાં મારી ધાક છે. ગોરિયાઓ પણ મને પૂછીને કામ કરે છે અને આ મારી બેટી..." અર્જુનસિંહે હાથ મસળ્યા. એમની આંગળીમાં કરોડ રૂપિયાનો સોલિટેર ઝગારા મારતો હતો, "આજે તો એવો પાઠ ભણાવવો છે કે આવનારાં દસ વરસ સુધી આઘાતમાંથી બહાર જ ના નીકળી શકે."

"તે હેં અર્જુનસિંહજી, એવું તે શું કર્યું એણે? આમ તો તમે કોઈનીયે સામે પડતા નથી. કોઈનેય નડતા નથી." રાજેશ ગઢિયાએ ગૉસિપમાં રસ લઈને અર્જુનસિંહનું મન માપવાનો પ્રયાસ શરૂ કર્યો, "તમારી સગી બહેનને..."

"શું કર્યું એટલે? સાહેબની વીસ વર્ષની પ્રતિષ્ઠા પર લાત મારી બાઈએ..." રમણ સાંગાણી લાડકો થયો, "સાહેબ કોઈને નડે નહીં, પણ નડે તો છોડે નહીં... કેમ સાહેબ?"

"એ તો આજે ખબર પડશે એને..." અર્જુનસિંહે રૂમાલ કાઢીને ઍરકન્ડિશન ક્રિસ્ટલ રૂમમાં એમના કપાળ પર વળેલો પરસેવો લૂછી કાઢ્યો. મહિમા જયસિંહે એમને ઓછામાં ઓછો ત્રણસો કરોડનો ફટકો માર્યો હતો. અર્જુનસિંહ છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી આ ભયાનક નુકસાનની કળ ખાઈને ટળવળતા બેઠા હતા. એમણે ઘણો પ્રયત્ન કર્યો કે મહિમા સાથે આ અંગે વાતચીત થઈ શકે, પણ મહિમાના સેક્રેટરી ગોપાલબાબુએ મુલાકાત આપવામાં એટલાં તો ગલ્લાંતલ્લાં કર્યાં કે આખરે એમણે પૂછી નાખ્યું, "તારી શેઠાણીએ ના પાડી છે?"

"શું કહું સાહેબ... એમને ટાઇમ જ નથી." ગોપાલબાબુએ નમ્રતાથી કડવું સત્ય કહી જ નાખ્યું હતું.

એ દિવસથી અર્જુનસિંહે ગાંઠ વાળી, "આ મહિમાની બચ્ચીને તો એવો પાઠ ભણાવું કે જિંદગીભર મારા નામે રડતી રહે."

આર્થિક રીતે મહિમાને નુકસાન કરવું અસંભવ હતું એવું અર્જુનસિંહને સમજાઈ ગયું. એમની કંપનીને પડેલો ફટકો એટલો મોટો હતો કે એમને એ નુકસાનમાંથી બહાર નીકળતાં ઓછામાં ઓછાં દસ વર્ષ લાગી જવાનાં હતાં. એટલે એણે આજનો તાયફો ગોઠવી કાઢ્યો હતો. એવી બાજી પાડી હતી કે મહિમા જયસિંહ કોઈ પણ પત્તું ઉપાડે, આજનો દિવસ એની જિંદગીમાં ભયાનક બનીને એની તમામ પ્રતિષ્ઠા, એના ગૌરવ અને એણે ઊભી કરેલી પોતાની છબીને તહસનહસ કરી નાખે...

અર્જુનસિંહ સગો ભાઈ હોવા છતાં મહિમાથી જુદો પડીને પોતાનો આગવો ધંધો કરતો હતો. ભાઈ-બહેનને બોલવાના સંબંધ નહોતા રહ્યા.

અજયસિંહ આજે પણ મહિમાનો વફાદાર હતો અને એની સાથે જ એની કંપનીમાં કામ કરતો હતો, જ્યારે અર્જુનસિંહે દસેક વર્ષ પહેલાં મહિમા સામે કેસ કરીને પોતાના ભાગની મિલકત માગી લીધી.

એ પછી એણે ડગલે ને પગલે મહિમા જયસિંહની કંપનીને માત આપવાના પ્રયાસો કરવા માંડ્યા. જોકે અર્જુનસિંહની કંપની અને એની પહોંચ બંને 'રાજપૂતાના' માટે એટલી નાની માછલી હતાં કે એને ગળી જતાં મહિમાને એક સેકન્ડ પણ ન લાગત... છતાં ભાઈ સમજીને એણે હંમેશાં અર્જુનસિંહને માફ કર્યો, કરતી રહી. અર્જુનસિંહની નાની નાની નાદાની, મૂર્ખામીઓ, મહિમાને નુકસાન પહોંચાડવાના એના પ્રયાસો... બધું જ જાણતી હોવા છતાં મહિમા જયસિંહ ભાગ્યે જ એના તરફ ધ્યાન આપતી.

અર્જુનસિંહની કંપની 'કોહિનૂર ડાયમંડ્સ'ને ક્યાંક ફાયદો થતો હોય તો પણ મહિમા પોતાના તરફથી ટેન્ડર ભરવાનું કે સોદો કરવાનું ટાળતી. આ બધું જાણવા છતાં અર્જુનસિંહ સતત મહિમા વિરુદ્ધ પ્રવૃત્તિઓ કર્યા કરતો.

મહિમાના કાકા વિરાજસિંહ આ બધી પ્રવૃત્તિઓને ઉશ્કેરતા, પોષતા એવી જાણ હોવા છતાં પણ મહિમા ભાગ્યે જ એ વિશે કશું કરવાનો પ્રયત્ન કરતી.

અચાનક એક દિવસ 'કોહિનૂર ડાયમંડ્સ'નો સોદો રદ કરાવીને ઓછા ભાવે ઈ-સર્ટિફિકેટવાળો સારો માલ સપ્લાય કરવાનું વચન આપીને મહિમાએ એને લગભગ ત્રણસો કરોડનો ફટકો માર્યો.

મહિમા શું કરતી, કેમ કરતી એ વિશે એને કશું પણ પૂછવાની ભાગ્યે જ કોઈ હિંમત કરતું. એના નિર્ણયો એના પોતાના રહેતા. એ માત્ર નિર્ણય જણાવતી અને એનો અમલ કરવાની સૂચના આપતી. નિર્ણય કરતાં પહેલાં ભાગ્યે જ કોઈની સાથે વાત કરતી... નિર્ણય થાય ત્યાં સુધી ભાગ્યે જ કોઈને એ વિશે ખબર પડવા દેતી!

કોહિનૂર ડાયમંડ્સને થયેલું નુકસાન અસહ્ય હતું. કંપની ઊઠી જાય એવી સ્થિતિ થઈ ગઈ. મંદીના સમયમાં બજારમાંથી નાણાં ભેગાં કરવા પણ અશક્ય હતાં. અર્જુનસિંહની પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે બજારમાં ઊભા રહેવાની પણ જગ્યા ના રહી.

એણે મહિમા સાથે વાત કરવાના અનેક પ્રયાસો કર્યા, પણ મહિમાએ એને સહેજ પણ દાદ દીધી નહીં. ગોપાલબાબુએ સમય ન આપ્યો એટલે એક દિવસ અર્જુન જાતે મહિમાની ઑફિસ પહોંચી ગયો... સિક્યોરિટી ગાર્ડે એને અંદર દાખલ થવા દીધો નહીં. એટલું ઓછું હોય એમ એને કહી દેવામાં આવ્યું કે જો એ ના પાડવા છતાં પણ બિલ્ડિંગમાં દાખલ થવાનો પ્રયાસ કરશે તો પોલીસને સોંપી દેવામાં આવશે.

આ આખુંય દૃશ્ય ક્લોઝ-સર્કિટ ટી.વી. ઉપર પોતાની વિશાળ ચેમ્બરમાં બેસીને જોતાં જોતાં મહિમાએ ગોપાલબાબુને સૂચના આપી, "સો કરોડ રૂપિયા રોકડા... અર્જુનને ઘેર પહોંચાડી દેજો."

ગોપાલબાબુ લગભગ બેભાન જેવા થઈને મહિમા સામે જોઈ રહ્યા.

કેમ? કઈ રીતે? જેવા સવાલો કોઈને પૂછવાની છૂટ નહોતી અને સાથે જ કામ અઘરું છે... અશક્ય છે જેવા શબ્દો માટે 'રાજપૂતાના'માં કોઈ ગુંજાઇશ નહોતી.

પૈસા પહોંચાડવા ગયેલા ગોપાલબાબુની સામે રડતા - બરાડા પાડતા - માથું પટકતા અર્જુનસિંહે સોગંદ ખાધા, "એ મહિમાની બચ્ચીને તો એવો પાઠ ભણાવીશ કે એનો અહંકાર ચૂરચૂર થઈ જશે. જિંદગીભર નહીં ભૂલે મને, કહી દેજો એને..."

એ દિવસ પછી રોજેરોજ મોકાની તલાશ કરતા રહેતા અર્જુનસિંહને આજે તક હાથ લાગી હતી. કેટલાંય વર્ષોથી એને ડાયમંડ ઍસોસિયેશનના સમારંભમાં આવવા વિનવણી કરતા રહેલા સભ્યોની વિનંતીને નકારતાં નકારતાં આજના પ્રસંગે હાજરી આપવાની મહિમાએ માંડ માંડ હા પાડી હતી.

અર્જુનસિંહ આ ઍસોસિયેશનના પ્રેસિડન્ટ છે એ વાતની મહિમા જેવી સ્ત્રીને ખબર ના હોય એ અશક્ય હતું. તેમ છતાં એણે આવવાની હા પાડી એ વાતે અર્જુનસિંહના મનમાં ચણભણ થયા કરતી હતી. આવવાની હા પાડ્યા પછી પણ જો એ ના આવે તો પોતાનું કેટલું ખરાબ દેખાય એની અર્જુનસિંહને બરાબર ખબર હતી. મહિમા સાથે ચાલી રહેલા આ યુદ્ધમાં પોતાને નુકસાન કરવાની એક પણ તક એ ન જ ચૂકે એવી અર્જુનસિંહની ગણતરી પણ હતી જ...

સૌથી ઉપર, સૌથી છેલ્લે અને સૌથી મહત્ત્વની વાત... એણે આજે જે દાવ ગોઠવ્યો હતો એ વાતની મહિમાને જો ગંધ પણ આવી જાય તો એ આ જાહેર સમારંભમાં અર્જુનસિંહને ગોળી મારી દેતાં પણ ન અચકાય એની અર્જુનસિંહને ગળા સુધી ખાતરી હતી.

એણે કાર્ડ પણ બહુ ચાલાકીથી છપાવ્યાં હતાં. મુખ્ય મહેમાન તરીકે મહિમાનું નામ મોટા સોનેરી અક્ષરે છપાવ્યું હતું, પરંતુ એક 'સરપ્રાઇઝ પૅકેજ' તરીકે હાજર રહેનારા ખાસ મહેમાનનું નામ એણે કાર્ડમાં નહોતું છપાવ્યું!

શબ્દોની રમત કરીને કાર્ડમાં લખ્યું હતું, "અ સ્પેશિયલ અપિરિયન્સ... સરપ્રાઇઝ પૅકેજ ફૉર યુ ઑલ." (એક ખાસ હાજરી... તમારા સૌ માટે સાનંદ આશ્ચર્ય)

આમ તો પોતે ન જાણતી હોય એવી વ્યક્તિ હાજર રહેવાની હોય તો મહિમા કાર્યક્રમમાં હાજર રહેવાનું નકારી શકે, એ એની ફિતરત પણ હતી અને સૌ એ વિશે જાણતા પણ હતા જ. મહિમાએ કાર્ડ વાંચ્યા પછી પણ એકેય સવાલ ન પૂછ્યો, ગોપાલબાબુએ પણ એ વિશે સહેજેય ઉલ્લેખ ન કર્યો એ બાબતે અર્જુનસિંહ હજીયે ગૂંચવાયેલો હતો.

કદાચ એટલે જ એને ભય લાગતો હતો કે મહિમા છેલ્લી ઘડીએ આવવાની ના પાડી દે...

પરંતુ એવું કશુંય બન્યું નહીં. બરાબર સાત ને પચીસે મહિમા જયસિંહની રોલ્સ-રૉયસ તાજ હોટેલના ફૉયરમાં દાખલ થઈ. દરવાજો ખૂલ્યો. ઑફ વ્હાઇટ જામાવર સાડી, કમર સુધીના કાળા, સીધા છુટ્ટા વાળ, કાનમાં બસરાનાં મોતી, ગળામાં એ જ બસરાનાં મોતીની એક પાતળી સેર... મેકઅપ વગરનો મહિમા જયસિંહનો ચહેરો ઝગારા મારતો હતો. ફિલ્મની હિરોઇનને શરમાવી દે એવું ફિગર. મહિમા સાડી સિવાય ભાગ્યે જ કોઈ બીજા પ્રકારનાં વસ્ત્રોમાં જોવા મળતી, પરંતુ સાડી પહેરવાની એની સ્ટાઇલ, સાડીની પસંદગી, બ્લાઉઝના કટ અને ડિઝાઇન એવાં રહેતાં કે ભલભલાં પાશ્ચાત્ય પરિધાનને પણ ઝાંખાં પાડી દે.

એને જોઈને ભાગ્યે જ કલ્પના આવે કે મહિમાની ઉંમર જિંદગીના પાંચ દાયકા વટાવીને વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશવાની તૈયારી કરતી હતી!

ગાડીમાંથી ઊતરીને મહિમા જયસિંહે અંદર પ્રવેશતાં જ સૌને નમસ્કાર કર્યા. એના સિક્યોરિટી ગાર્ડ્સ સડસડાટ આગળ ચાલવા લાગ્યા. એ.કે. ૪૭ હાથમાં લઈને બે કમાન્ડો મહિમાની પાછળ... ગોપાલબાબુ મહિમાની સાથે સાથે...

મહિમાની રોલ્સ-રૉયસની બિલકુલ પાછળ દાખલ થયેલી બીએમડબ્લ્યુમાંથી ઊતરીને આવતા અજયસિંહ રાઠોડનું સ્વાગત કરવા માટે લૉબીમાં કોઈ ઊભું નહોતું! સૌ મહિમાની પાછળ પાછળ સરઘસાકારે ક્રિસ્ટલ રૂમ તરફ જવા લાગ્યા.

એસ. શ્રીધરન હાથમાં ફૂલો લઈને મહિમા તરફ આગળ વધ્યા, "વેલકમ મૅડમ..."

"થૅન્ક યુ." મહિમાએ બંને હાથ જોડ્યા. લંબાવેલાં ઑર્કિડ ફૂલોનો બુકે એમના હાથમાં જ રહી ગયો.

"મૅડમ, ફૂલો નથી સ્વીકારતાં." ગોપાલબાબુએ ચાલતાં ચાલતાં ધીમેથી કહી દીધું.

"આ તો હોટેલ તરફથી..." શ્રીધરનનું વાક્ય અધૂરું રહી ગયું. સરઘસ આગળ નીકળી ગયું હતું.

"તમારા પ્રેસિડન્ટ નથી દેખાતા?" મોતીની માળા ગોઠવી હોય એવા સફેદ દાંત ચમકાવતાં મહિમાએ પાછળ ચાલી રહેલા ખજાનચી રાજેશ ગઢિયા તરફ જોઈને સવાલ કર્યો.

"જી મૅડમ, એ તો..."

"મારા ડરથી છુપાઈ ગયા છે કે શું?" મહિમાના ચહેરા પર સ્મિત અકબંધ હતું, "એમને કહેજો... દીદી મળવા માગે છે."

"જી... જી... જી મૅડમ." રાજેશ ગઢિયાએ ત્રણ વખત હાજીપો કરી નાખ્યો.

ક્રિસ્ટલ રૂમમાં દાખલ થઈને પોતાની સીટ લેતી વખતે મહિમાએ બાજુની સીટ પર અછડતી નજર નાખી. રેડ બૉ બાંધેલી બે જ સીટ્સ હતી. એક ઉપર મહિમા જયસિંહ બેસવાનાં હતાં અને બીજી ઉપર કોણ ગોઠવાશે એ વાતને અર્જુનસિંહ રાઠોડે છેક છેલ્લી ઘડી સુધી રહસ્ય બનાવીને ઘૂંટ્યા કર્યું હતું.

સૌ જાણતા હતા કે અર્જુને કોઈ એવી વ્યક્તિને આમંત્રણ આપ્યું હતું, જેનાથી મહિમાને આઘાત લાગવાનો હતો, પરંતુ એ વ્યક્તિ કોણ હતી એ અંગેની પાંચસો અટકળો ક્રિસ્ટલ રૂમની હવામાં વહેતી હતી.

મહિમા જયસિંહ પોતાની ખુરશીમાં ગોઠવાયાં, "તમારા સરપ્રાઇઝ પૅકેજ મહેમાનને આવતાં કેટલી વાર લાગશે?" એમણે હાથમાં પહેરેલી ઘડિયાળ તરફ અછડતી નજર નાખી.

"બસ, આવતા જ હશે..." રાજેશ ગઢિયા, સાંગાણી અને બીજા લોકો એમની ખુરશીની પાછળ ફોટો પડાવવા ઊભા રહી ગયા હતા. મીડિયાની ફ્લૅશ લાઇટ્સ ધડાધડ ઝીંકાતી હતી. મહિમા બહુ જ સુંદર ગ્રેસફુલ પૉઝમાં પોતાના પર ફેંકાતી ફ્લૅશ લાઇટ્સ ઝીલી રહી હતી.

"ઓહ! રાહુલ સેન... રાહુલ સેન..." સામે ઊભેલા ઢગલાબંધ મીડિયાના લોકોની ફ્લૅશ લાઇટ્સ દિશા બદલીને ક્રિસ્ટલ રૂમના દરવાજા તરફ રેલાવા લાગી.

રાહુલ સેનનું નામ સાંભળીને ગોપાલબાબુના ચહેરા પરથી જાણે લોહી ઊડી ગયું. મહિમાની બાજુમાં ગોઠવાયેલા અજયસિંહ ઉશ્કેરાઈને ઊભા થઈ ગયા. મહિમાની પાછળ ફોટો પડાવવા

ઊભેલું ટોળું શિયાવિયા થઈ ગયું. લગભગ દરેકના ચહેરા પર એવો ભય છલકાવા લાગ્યો કે મહિમા કોઈ પણ ક્ષણે ઊભી થઈને અર્જુનસિંહને થપ્પડ મારી દેશે.

પરંતુ મહિમા જયસિંહ એ જ સ્થિતિમાં અદબ વાળીને ઠંડકથી બેઠી હતી. એના ચહેરા પરનું સ્મિત એટલું જ તાજું, એટલું જ અકબંધ હતું.

રાહુલ સેનનું નામ સાંભળ્યા પછી એનો ચહેરો જોવા બેચેન અર્જુનસિંહે સ્ટેજ પરની વિંગમાં પોતે પાડેલા ઝીણા કાણામાં આંખની કીકી ઍડ્જસ્ટ કરી... પરંતુ મહિમાનો ચહેરો જોઈને એ ઠંડોગાર થઈ ગયો.

અહીં કોઈ ફેરફાર નહોતો. એ એટલી જ ઠંડકથી, એટલી જ શાંતિથી, એટલી જ કમ્ફર્ટથી પોતાની રેડ બૉવાળી ખુરશી પર બેઠી હતી.

રાહુલ સેન મીડિયાનું ટોળું વટાવતાં પોતાની રેડ બૉવાળી ખુરશી સુધી પહોંચ્યા ત્યારે મહિમાએ હાથ જોડ્યા, “નમસ્તે...”

“હાય મહિમા!” મહિમા સમજી શકી કે રાહુલ પોતાની હાજરીની અપેક્ષા સાથે જ અહીં આવ્યો હતો.

આખું ટોળું કોઈ ઉજવણીના પ્રસંગને બદલે બેસણામાં આવ્યું હોય એમ ઢીલું પડી ગયું હતું. તણખા ક્યારે ઝરે છે એની રાહ જોતો અર્જુનસિંહ વિંગમાં ઊભો હતો. ઉશ્કેરાયેલો અજયસિંહ લાલચોળ થઈને મહિમાની બાજુમાં ઊભો હતો. ગોપાલબાબુ રડમસ ચહેરે પોતાની નોકરી બચશે કે જશે એનો વિચાર કરતા મહિમા તરફ જોઈ રહ્યા હતા...

“આ માણસ? આ તો ફિલ્મસ્ટાર છેને?” રાજેશ ગઢિયાએ ગુસપુસ અવાજે બાજુમાં ઊભેલા માણસને પૂછ્યું, “આની સામે મહિમાને વાંધો છે?”

“મૂરખ, ચૂપ રહે... આ મહિમાનો એક્સ હસબન્ડ છે.” બાજુમાં ઊભેલા માણસે એનાથીયે ધીમા અવાજે કહ્યું. રાજેશ ગઢિયા બેભાન થવાની તૈયારીમાં હતો.

■ ■ ■

રાહુલની આંખોમાં મહિમાને જોઈને એક ચમક આવી. મહિમાના ચહેરા પર કોઈ ફેરફાર નહોતો. રાહુલે હૅન્ડશેક કરવા હાથ લંબાવ્યો, પરંતુ મહિમાએ હાથ જોડેલા જ રાખ્યા. એના ચહેરા પર એક એવું સ્મિત આવ્યું, જે કહી રહ્યું હતું, ‘તારી સાથે હાથ મિલાવીને હું મીડિયાને મસાલો નહીં આપું!’

“ઘણાં વર્ષે...” રાહુલ એની બાજુની ખુરશીમાં ગોઠવાયો. મીડિયાની ફ્લૅશ લાઇટ્સ ધડાધડ બંને ઉપર વીજળીના ચમકારાની જેમ ઝીંકાઈ રહી હતી.

મહિમાએ ચહેરા પર સ્મિત અકબંધ રાખીને મીડિયાને પૉઝ આપતાં શાંતિથી રાહુલને જવાબ આપ્યો, “હા...”

“મને અહીંયાં જોવાની આશા નહીં હોય તને, પણ અર્જુન...”

“તું ઘરેથી નીકળ્યો ત્યારે જ તારા ડ્રાઇવરે મને ફોન કર્યો હતો.”

“આર યુ ક્રેઝી? મારા ડ્રાઇવરે?”

"તારી જગ્યાએ હું હોઉં તો એને નોકરીમાંથી કાઢી મૂકું. માત્ર પાંચ હજાર રૂપિયામાં પોતાના બૉસની માહિતી કોઈને આપી દે એવો ડ્રાઇવર હું ન રાખું..." એ બંને જણાં શું વાત કરી રહ્યાં છે એ કોઈને સંભળાતું નહોતું. મહિમાના ચહેરા પરનું સ્મિત એટલું તો ચીટકુ અને અકબંધ હતું કે બંને વચ્ચે થતી ચર્ચા એકબીજાને તીર ભોંકવાની રમત હશે એની કલ્પનાય આવે એમ નહોતી, "જોકે તારો ડ્રાઇવર આમ જ કરે... શું પગાર હશે બિચારાનો? હવે તો કામ પણ નથી તારી પાસે..."

"હું અહીંયાં અર્જુનના આમંત્રણથી આવ્યો છું, તારાં મહેણાં સાંભળવા નહીં."

"અહીંયાં આવતી વખતે તને તો ખબર હશે જ કે મને મળીશ... ને મળીશ તો હું શું કહીશ..."

"મહિમા, હવે આપણે..."

"હવે આપણે પતિ-પત્ની નથી. યુ આર રાઇટ... જો પતિ-પત્ની હોત તો આમ બાજુબાજુમાં બેઠાં જ ન હોત."

વિંગના ઝીણા કાણાથી જોઈ રહેલો અર્જુનસિંહ એમની વચ્ચેનો ઝઘડો જોવા તલપાપડ હતો, પરંતુ મહિમાના ચહેરા પર કોઈ ફેરફાર ન જોતાં અર્જુન અકળાઈ ગયો. એણે તાકેલું તીર નિશાન ચૂકી ગયું હતું.

મહિમાએ ધીમેથી, ફક્ત રાહુલને જ સંભળાય એમ કહ્યું, "બધા જ આપણને જુએ છે. ઉશ્કેરાઈને ખોટું નાટક કરવાની ઇચ્છા હોય તો જાત પર કાબૂ રાખજે. સસ્તી પબ્લિસિટીથી પણ હવે કામ નહીં મળે તને."

"વિલ યુ શટ અપ..." ચહેરા પર સ્મિત સાથે રાહુલે કહ્યું. પછી ત્યાંથી ઊભા થવાનો વિચાર કર્યો, પરંતુ આસપાસ ઊભેલું ટોળું અને મીડિયાની ફ્લૅશ લાઇટ્સ વચ્ચે કંઈ પણ કર્યા વિના ત્યાં બેસી રહેવું એ જ ઉત્તમ રસ્તો હતો એવું એને સમજાઈ ગયું.

બંનેની પાછળ ઊભેલો રાજેશ ગઢિયા લગભગ ડઘાઈ ગયો હતો. મહિમા જયસિંહ જેવી સ્ત્રીને પતિ હોઈ શકે... એ પણ એનો એક્સ હસબન્ડ... એ વાત જાણીને એને ભયાનક આઘાત લાગ્યો હતો.

જોકે ડાયમંડ માર્કેટમાં એ સાવ નવોસવો હતો. એના પપ્પા સાથે બિઝનેસમાં હમણાં જ જોડાયો હતો. અત્યાર સુધી બિઝનેસ વર્લ્ડની એને ભાગ્યે જ કંઈ ખબર હતી. એટલે રાજેશને મહિમાનાં લગ્ન કે પતિ વિશે ખબર ન હોય એ સ્વાભાવિક હતું, પરંતુ ત્યાં હાજર મોટા ભાગના માણસોને મહિમા અને રાહુલને બાજુબાજુમાં બેઠેલાં જોઈ રાજેશ ગઢિયા જેટલો જ અથવા કદાચ એનાથી વધારે આઘાત લાગ્યો હતો.

મહિમા જયસિંહ અત્યારે ભલે મીડિયાથી દૂર રહેતી હોય, પરંતુ આજથી વીસેક વર્ષ પહેલાં તો મહિમા જયસિંહ વિશે દર ત્રીજે દિવસે અખબારમાં એક ખબર છપાતા રહેતા...

સૌથી પહેલાં 'સ્ટારડસ્ટ'ની ગૉસિપ કૉલમમાં મહિમા અને રાહુલ સેનનો ફોટો છપાયેલો. જુહુ પાસે આવેલી એક ખૂબ જ જાણીતી અને છતાં ખૂબ જ ખાનગી રેસ્ટોરાં 'ઔરસ'માં રાહુલ અને મહિમા ડિનર કરી રહ્યાં હતાં ત્યારે કોઈક વાતે હસતાં હસતાં મહિમાએ રાહુલના ખભે માથું મૂક્યું હતું એ સમયનો ફોટો 'સ્ટારડસ્ટ'એ પ્રગટ કરીને ખળભળાટ મચાવી દીધેલો.

રાહુલ સેન ત્યારે બહુ મોટો સ્ટાર હતો. એની ફિલ્મો સિલ્વર જ્યુબિલી સિવાય થિયેટર છોડતી નહીં. છોકરીઓ કલાકો સુધી સ્ટુડિયોની બહાર એની રાહ જોતી ઊભી રહેતી. એની કન્વર્ટિબલ કુપે-મર્સિડીઝ ઉપર લિપસ્ટિકનાં નિશાન કાયમ જ જોવા મળતાં.

યુવતીઓએ એના જુહુમાં આવેલા બંગલાની બહાર નસ કાપીને આપઘાતના પ્રયાસ કર્યાના દાખલા મોજૂદ હતા.

ને સાચું પૂછો તો રાહુલ સેન હતો પણ એવો જ... એને જોનારી સત્તરથી સુડતાળીસ કે કદાચ સત્તાવનની સ્ત્રી પણ એકાદ ધડકન તો ચૂકી જ જાય. દિલધડક હેન્ડસમ... વારે વારે કપાળ પર સરી આવતા લીસા કાળા વાળ, કથ્થઈ આંખો, બંને ગાલમાં આંગળીનો એક વેઢો ઊતરી જાય એટલા ઊંડા ખાડા... છ ફૂટની ઊંચાઈ, પહોળા ખભા અને નિયમિત રીતે જિમમાં જઈને બનાવેલું – જાળવેલું ગ્રીક શિલ્પ જેવું શરીર!

આમ પણ ફિલ્મી પ્રેસ માટે રાહુલ સેન એક ઉજાણી બની રહેતો. 'વૉગ', 'સિમ્પલી સિટી' જેવાં ફેશન મૅગેઝિનની સાથે સાથે સેન્ટ માઇકલ, જ્યૉર્જિયો અર્માની અને ગુચી જેવી ફૉરેન બ્રાન્ડ્સ માટે મૉડેલિંગ કરતો રાહુલ બૉલીવુડનો એકમાત્ર હીરો હતો.

એણે હૉલીવુડની એક-બે ફિલ્મોમાં પણ કામ કર્યું હતું.

અભિનયમાં કંઈ ખાસ વખાણવાલાયક હજી સુધી એણે કરી બતાવ્યું નહોતું, પરંતુ પ્રચાર અને પ્રસિદ્ધિ માટે એ કંઈ પણ કરી છૂટતો.

એ અને મહિમા એક જાણીતી ફૉરેન બ્રાન્ડના પર્ફ્યુમના લૉન્ચની પાર્ટીમાં મળેલાં. મહિમાને કદાચ કલ્પના પણ ન આવે એટલી સિફતથી અને સરળતાથી રાહુલે ધીમે ધીમે એની જિંદગીમાં પગપેસારો કરવા માંડ્યો હતો.

રાહુલ સેન સ્માર્ટ હતો. એ જાણતો હતો કે મહિમા એકલી છે. પિતાના મૃત્યુ પછી બિઝનેસ સંભાળવામાં ગૂંથાઈ ગયેલી મહિમાના જીવનમાં ઘરથી ઑફિસ અને ઑફિસથી ઘર સિવાયની બીજી કોઈ ખાસ ઘટના બનતી નથી...

બંને ભાઈઓના ઉછેર અને ભણતર પાછળ પોતાનો વધારાનો સમય સંપૂર્ણ રીતે ખર્ચી રહેલી મહિમાની જિંદગીમાં પહેલી વાર એક એવો પુરુષ નજર સામે આવ્યો હતો, જે એના સુખનો વિચાર કરતો હતો! જે એને ચેકબુક પર સહી કરનારી વ્યક્તિ તરીકે નહીં, પણ એક ધબકતું હૃદય ધરાવતી, ખૂબસૂરત અને લાગણીશીલ યુવતી તરીકે જોતો હતો!

બહુ સ્વાભાવિક હતું કે જિંદગીના એ વળાંક પર રાહુલ સેન જેવા હેન્ડસમ અને ગણતરીબાજ પુરુષની જાળમાં મહિમા જેવી છોકરી આસાનીથી ફસાઈ જાય... એમ જ થયું!

પહેલાં ફૂલો, પછી ફોન, પછી કૉફી અને ત્યાંથી ડિનર... લૉન્ગ ડ્રાઇવ સુધી બંને જણાં ક્યારે પહોંચી ગયાં એની મહિમાને ખબર નહોતી. પરંતુ સાથે ગાળેલી એક એક મિનિટનો હિસાબ રાહુલ સેન પાસે પાક્કો નોંધાતો જતો હતો.

રાહુલ પહેલી જ વાર મહિમાને મળ્યો ત્યારથી જ સમજી ગયો હતો કે મહિમા જયસિંહ જેવી સ્ત્રી જો એનો હાથ પકડે તો ફક્ત ફિલ્મી દુનિયામાં જ નહીં, એના જીવનમાં એને માટે કોઈ સંઘર્ષ

બાકી ન રહે. મહિમાની સંપત્તિએ રાહુલને એવો તો આકર્ષ્યો હતો કે એને મહિમાની સરળતા, એની સારાઈ, રાહુલ પર ઓળઘોળ થતું એનું સ્ત્રીત્વ દેખાયું જ નહીં!

સત્તર વર્ષની ઉંમરે પિતાને ખોઈને પાંચ વર્ષમાં માંડ માંડ જેણે પોતાની જાતને સંભાળી હતી એ મહિમા એની જિંદગીના પહેલા પુરુષ ઉપર એની પાસે હતું તે બધું ન્યોચ્છાવર કરવા તૈયાર હતી. એને રાહુલ સાથેનો સંબંધ જીવનનું અંતિમ ધ્યેય લાગવા માંડ્યો હતો.

અર્જુન ખૂબ નાનો હતો. એટલે એને કદાચ નહોતું સમજાતું, પણ અજયસિંહે એને એક-બે વાર રોકવાની, સમજાવી જોવાની કોશિશ કરી હતી. રાહુલના પ્રેમમાં જાતને વીસરી ગયેલી મહિમાને એ સમયે કશું જ દેખાયું નહીં... સમજાયું નહીં.

■ ■ ■

'સ્ટારડસ્ટ'માં છપાયેલા એ ફોટોગ્રાફ પછી આખા દેશના અને ઇન્ટરનૅશનલ પ્રેસમાં મહિમા અને રાહુલના સંબંધો ચર્ચાવા લાગ્યા. રાહુલને આ જ જોઈતું હતું. એ ઇચ્છતો હતો કે મહિમા આ સંબંધોની ચર્ચાને કારણે એટલી બધી ખૂણામાં ધકેલાઈ જાય કે એની પાસે રાહુલ સાથે લગ્ન કર્યા સિવાય બીજો કોઈ રસ્તો જ ન રહે.

નવાઈની વાત એ હતી કે 'ઔરસ'માં એ દિવસે સાંજે પાપારાઝી ફોટોગ્રાફરને રાહુલે જ ખાનગી માહિતી આપીને બોલાવ્યો હતો!

આખરે જે થવાનું હતું તે થયું. દોઢેક વર્ષના સંતાકૂકડીભર્યા ગાઢ સંબંધો પછી એક દિવસ રાહુલે એક મિત્રની પાર્ટીમાં વીસ લાખ રૂપિયાના સોલિટેર સાથે મહિમાને 'પ્રપોઝ' કર્યું. મહિમાએ શરમાઈને હા પાડી.

અજયની અનિચ્છા અને અર્જુનના અણગમા સાથે મહિમા જયસિંહનાં લગ્ન ફિલ્મસ્ટાર રાહુલ સાથે ધામધૂમથી ઊજવાયાં. લગ્નના રિસેપ્શનની પાર્ટીમાં મહિમા જોઈ શકી કે રાહુલ એના કાકા વિરાજસિંહની ખૂબ નજીક હતો. મહિમાને આશ્ચર્ય થયું. પહેલી રાત્રે તાજના પ્રેસિડેન્શિયલ સ્યૂટમાં ફૂલોથી સજાવેલા કમરામાં મહિમાએ પોતાના પતિ બનેલા ફિલ્મસ્ટારને વિરાજસિંહ સાથેના સંબંધો વિશે પ્રશ્નો પૂછવાના શરૂ કર્યા કે તરત રાહુલે વાત વાળી લીધી.

એણે જાતજાતની કેફિયત આપવાનો પ્રયત્ન કર્યો, પરંતુ મહિમાને રાહુલની એક પણ વાત ગળે ઊતરી નહીં.

મહિમાએ પોતાના તરફથી તપાસ કરાવવાની શરૂ કરી... એક પછી એક જે સત્યો ખૂલતાં ગયાં એ જીરવવું મહિમા માટે અઘરું જ નહીં, અસંભવ થતું ગયું.

આઠ દિવસના લાંબા સમારંભોની પરંપરા પછી બંને જણાં હનીમૂન માટે હવાઈ ટાપુઓ પર ગયાં...

પાછાં આવ્યાં ત્યારે મહિમાને સમજાઈ ગયું હતું કે એણે જીવનની મોટામાં મોટી ભૂલ કરી નાખી હતી!

■ ■ ■

એ પછીનાં થોડાં વર્ષો એ ભૂલને સુધારી લેવાના અને રાહુલના બદલાવાના ભ્રમ સાથે મહિમાએ પોતાનાં લગ્નને સાચવવાનો પ્રયાસ કર્યો. રાહુલને બિઝનેસમાં રસ લેવાનો આગ્રહ કર્યો. એક નાની

ફિલ્મ પ્રોડક્શન કંપની શરૂ કરી, જેના બૅનરમાં રાહુલ માટે બે-ત્રણ ફિલ્મો બનાવી, પરંતુ રાહુલની પ્રકૃતિ અને એના પ્રમાદને કારણે એ કશું જ કરી શકે એમ નહોતો એ મહિમાને સમજાઈ ગયું.

આ સમજ પૂરેપૂરી સ્વીકારી શકે તે પહેલાં મહિમા એક દીકરાની મા બની ગઈ હતી.

અનિરુદ્ધ... એની મા અને પિતાને સાથે જોડી રાખનારી કડી ન જ બની શક્યો, આખરે એક દિવસ મહિમાએ રાહુલ સેનને કહી દીધું, “એક મહિનાની અંદર તારા રહેવાની વ્યવસ્થા કરી લે.”

“હું સમજ્યો નહીં.”

“તું સમજ્યો હોત તો કદાચ જવું ન પડત.”

“જો મહિમા...”

“જોઈ-વિચારીને જ નક્કી કર્યું છે.” રડતી-કકળતી, રાહુલને વારંવાર સમજાવતી રહેતી મહિમા કરતાં આજની આ સ્ત્રીના ચહેરા પર સાવ જુદા જ ભાવ જોઈ શકતો હતો રાહુલ, “હવે આ લગ્ન નહીં ટકી શકે.”

“વેરી ગુડ... સારું થયું આ નિર્ણય તેં કર્યો.” રાહુલ નફ્ફટની જેમ હસ્યો, “કેટલા પૈસા આપીશ મને? મુક્ત કરવાના...”

“પૈસા?” મહિમા માટે આ સાવ નવી જ પરિસ્થિતિ હતી. એણે ધાર્યું હતું કે રાહુલ એને છૂટાછેડા નહીં આપવા માટે વિનંતી કરશે અથવા કદાચ આ સાંભળીને એને આઘાત લાગશે, પરંતુ એવું કશુંય ન કરતાં રાહુલે છૂટાછેડાની વાત સ્વીકારી લીધી, એટલું જ નહીં, મહિમાને મુક્ત કરવાના પૈસા માગ્યા...

“હાસ્તો... તારા જેવી બિઝનેસ ટાઇકુનને મારી ચુંગાલમાંથી છૂટવાની કિંમત તો ચૂકવવી પડેને?” રાહુલ હસી રહ્યો હતો, “તારાથી છૂટા પડ્યા પછી આ લાઇફસ્ટાઇલ, આ મોજમજા, બિઝનેસ ક્લાસનું ટ્રાવેલિંગ મને કેવી રીતે પોસાશે? ને આ બધી ટેવો તો તેં જ પાડી છે... એટલે હવે પોષવાની જવાબદારી પણ તારી.”

બીજા દિવસનાં અખબારોમાં રાહુલે મહિમા સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. પોતાને મા બનવાના સાધન તરીકે વાપરી લીધા પછી મહિમાએ એને આ સંબંધ તોડવા અને ઘર છોડવા મજબૂર કર્યો ત્યાંથી શરૂ કરીને મહિમા કેટલી નિષ્ઠુર અને કપટી હતી એ વિશે રાહુલે જાતજાતની ને ભાતભાતની વાતો મરીમસાલા છાંટીને વહેતી કરી હતી.

આઘાતથી ને શરમથી કોકડું થઈ ગયેલી મહિમા જયસિંહ ન પોતાનો બચાવ કરી શકી કે ન પોતાને વિશે કોઈ કેફિયત આપવાનું એને સૂઝ્યું...

સત્તાવીસ વર્ષની નાનકડી ઉંમરે મહિમા જયસિંહ ફરી એક વાર પુરુષોના આ જગતમાં એકલી-અટૂલી સંઘર્ષ કરતી, ઝઝૂમતી પોતાને મળેલા દગા અને આઘાતમાંથી ઊગરવાનો પ્રયાસ કરતી થઈ ગઈ!

અનિરુદ્ધને મહિમા પાસે છોડીને રાહુલે જ્યારે ‘રાજપૂતાના હાઉસ’ છોડ્યું ત્યારે એણે મહિમા પાસેથી ત્રીસ કરોડની જંગી રકમ વસૂલ કરી. આઉટ ઑફ કોર્ટ સેટલમેન્ટમાં મહિમાએ એને આ રકમ ચૂકવી આપી, કારણ કે રાહુલે મહિમાની અંગત વાતો પ્રેસમાં કહેવાની ધમકી સાથે

બીજી ઘણી એવી વાતો કોર્ટમાં ઉચ્ચારવાની ધમકી આપી, જે મહિમાથી કોઈ કાળે સહી શકાય એમ નહોતું.

■ ■ ■

એ દિવસ પછી મહિમા રાહુલનું મોઢું જોવાનું પણ ટાળતી રહી. કોઈ પણ પ્રસંગે જો બંને ભેગાં થઈ જાય એવી શંકા પણ પડે તો મહિમા એ સમારંભમાં, એ પ્રસંગે, એ સ્થળે જવાનું ટાળતી.

સામે પક્ષે અનિરુદ્ધને મળવાના રાહુલના તમામ પ્રયત્નોને રોકવામાં મહિમાનો એટલો સમય અને શક્તિ વપરાવા લાગ્યાં કે થાકીને એણે અનિરુદ્ધને કેમ્બ્રિજમાં ભણવા મોકલી દીધો. મહિમા સિવાય એને કોઈ જ ન મળી શકે એવી સખત તાકીદ સાથે અનિરુદ્ધ ઇંગ્લૅન્ડની કેમ્બ્રિજ સ્કૂલમાં ભણતો ભણતો મોટો થવા લાગ્યો અને મોટો થતાં થતાં પોતાની મા વિશે અખબારોમાં છપાતા સમાચારો વાંચતો રહ્યો.

વરસમાં બે વાર મહિમા વેકેશન ગાળવા માટે ઇંગ્લૅન્ડ જતી. અનિરુદ્ધને ત્યાંથી લઈને યુરોપ, અમેરિકા, ફારઈસ્ટ કે બીજા દેશોની ટૂર કરતી. હવે ગ્રૅજ્યુએટ થવાની તૈયારીમાં હતો અનિરુદ્ધ.

છેલ્લાં વીસ વરસમાં એ બે જ વાર ભારત આવ્યો હતો. એના બે મામાઓનાં લગ્નમાં.

એ દરમિયાન પણ એની સાથે સતત બે બૉડીગાર્ડ રહેતા, જે એને એક ક્ષણ માટે પણ એકલો પડવા દેતા નહીં. એના સેલફોન ઉપર મહિમાની નજર રહેતી. એની દરેકેદરેક હિલચાલ, એના નાનામાં નાના રિપોર્ટ મહિમા પોતે જાણવાનો આગ્રહ રાખતી.

જિંદગીની ભલભલી લડાઈમાં કદી નહીં ડરનારી આ સ્ત્રી એના દીકરાનું નામ પડે કે કંપી ઊઠતી. એણે પોતાની તમામ લાગણીઓ અને સંવેદનોનું લંગર દીકરાને બનાવીને આવનારાં વર્ષો હવે એ સંબંધના નામે લખી નાખ્યાં હતાં. એ ફક્ત એક જ વાતની પ્રતીક્ષા કરી રહી હતી, અનિરુદ્ધ ગ્રૅજ્યુએટ થાય અને ભારત પાછો ફરે તો એને બિઝનેસમાં પલોટીને પોતે બધું છોડીને શાંત અને નિરાંતની જિંદગી જીવી શકે.

■ ■ ■

આ બધા સમય દરમિયાન અર્જુનસિંહ ધીમે ધીમે મોટો થઈ રહ્યો હતો. બાવીસ વર્ષના અર્જુને બહેનને જિંદગીના એવા સંઘર્ષોમાંથી પસાર થતી જોઈ, જે સંઘર્ષોએ એને કઠોર અને કડવી બનાવી દીધી હતી.

મહિમાને જગત પરથી વિશ્વાસ ઊઠી ગયો હતો. બદલાયેલી મહિમાને શરણે ગયેલા અજયસિંહને એણે સ્વીકારી લીધો. પોતાના બિઝનેસમાં પાર્ટનર બનાવી લીધો અને ભાઈ તરીકે જરૂરી માન-સન્માન તથા રકમ એને મળતાં રહે એવી વ્યવસ્થા એણે કરી દીધી, પરંતુ નાના ભાઈ અર્જુનને સ્વતંત્ર બિઝનેસ કરવાની છૂટ કે સગવડ મહિમા ન આપી શકી!

ભાઈ-બહેન વચ્ચેનું પહેલું ઘર્ષણ રાહુલ સેનના આગમનથી જ શરૂ થઈ ગયું હતું. રાહુલ જીવનમાં આવ્યો ત્યાં સુધી મહિમા માટે અજય અને અર્જુન સિવાય બીજું કશું જ નહોતું. એમનું સુખ, એમની સગવડ, એમનો ઉછેર, એમનો વિકાસ એ જ મહિમા માટે જીવનનું ધ્યેય હતું, પરંતુ રાહુલના આવતાંની સાથે જ મહિમાનું જીવન બદલાઈ ગયું...

ભાગ્યે જ પાર્ટીમાં જતી કે ઘરની બહાર નીકળતી બહેન મોડી રાત સુધી રખડતી થઈ ગઈ.

અખબારોમાં છપાતા સમાચારો અજયને વિચલિત કરતા, પરંતુ અર્જુનના લોહીને ખળભળાવી મૂકતા હતા. એણે વારંવાર બહેન સાથે વાત કરવાનો પ્રયત્ન કરી જોયો હતો, પરંતુ પ્રેમમાં ઘેલી થઈ ગયેલી મહિમા ન કશું સાંભળી શકી કે ન કંઈ સમજી શકી.

એ દિવસથી અર્જુને મોટી બહેનની સામે પોતાનો વિદ્રોહ જાહેર કરી દીધો!

અર્જુન વિદ્રોહ કરતો ને મહિમા પ્રેમથી સમજાવવાને બદલે એને ઉગ્રતાથી દબાવી દેવા પ્રયત્ન કરતી... મહિમાની ઉગ્રતા કે એનો આવેશ અર્જુનને વધુ ઉશ્કેરતો... અર્જુનનો ઉશ્કેરાટ મહિમાને વધુ ઉગ્ર થવા તરફ ધકેલતો...

મહિમા અને રાહુલ છૂટાં પડ્યાં ત્યારે પણ અર્જુને પૈતૃક સંપત્તિમાંથી રાહુલને કંઈ પણ આપવા સામે પોતાનો વિરોધ જાહેર કર્યો હતો. મહિમાએ કશું જ સાંભળ્યા વિના રાહુલને રકમ ચૂકવીને છૂટાછેડા લીધા ત્યારે અર્જુને મહિમાને ન કહેવાના શબ્દો કહી દીધા...

બાવીસ વર્ષના ભાઈએ એની સત્તાવીસ વર્ષની બહેન સામે કોર્ટકેસ કર્યો અને પોતાના ભાગની સંપત્તિ કાયદેસર રીતે મેળવી અર્જુનસિંહ જયસિંહ રાઠોડ, પોતાની સગી બહેન મહિમાદેવી જયસિંહ રાઠોડથી કાયદેસર રીતે છૂટા પડ્યા!

એ પછી અજયસિંહનાં લગ્ન મહિમાએ પોતાની મરજી અને ઇચ્છાથી કરાવ્યાં. અજયસિંહની પત્ની સુમુખી હિમાચલ પ્રદેશના મિનિસ્ટરની દીકરી હતી. સારું એવું ભણેલી અને પહેલી નજરે સમજદાર દેખાતી સુમુખી આટલા મોટા પરિવારમાંથી આવેલું માગું નકારી કાઢે એટલી મૂરખ નહોતી. અજયસિંહને પહેલી વાર મળીને એને સમજાઈ ગયું હતું કે એ 'બહેનને' પૂછ્યા વગર પાણી પણ નહીં પીએ. એટલે મહિમાને રાજી રાખવાના પ્રયત્નોમાં એણે કોઈ કસર નહોતી છોડી. એમનાં લગ્નને દોઢ દાયકો વીતી ગયો હોવા છતાં અજય અને સુમુખીને સંતાન નહોતું થયું.

વિશ્વભરની ઉત્તમ તબીબી સારવાર પણ એમને સંતાન આપી શકે એમ નહોતી, કારણ કે સુમુખીને અજય ક્યારેય ગમ્યો જ નહોતો. લગ્નની પહેલી રાતથી જ એણે અજયને એક યા બીજા બહાને પોતાનાથી દૂર રાખ્યો. ક્યારેક વ્રત, ક્યારેક ઉપવાસ, ક્યારેક તબિયત તો ક્યારેક...

બહેનથી દબાયેલો અને નાની ઉંમરે પિતાને ખોઈને ડઘાઈ ગયેલો અજય પોતાની આ પીડા કે પ્રશ્નની વાત કોઈને કહી શક્યો જ નહીં. બે-ચાર-છ વર્ષના પ્રયત્નો પછી એણે સુમુખીની નજીક જવાનું છોડી દીધું. પરિસ્થિતિને સ્વીકારીને જીવતાં શીખી ગયો અજય.

તો બીજી તરફ સુમુખી ક્યારેય પુરુષ વિના રહી નહીં, ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક જગ્યાએ એનો નાનો-મોટો 'અફેર' ચાલ્યા જ કરતો. એ એટલી ચાલાક હતી કે આ નાનાં-મોટાં છમકલાં 'દીદી'ને કાને ન પડે એટલી તકેદારી એણે હંમેશાં રાખી હતી. અજય બધું જાણતો હોવા છતાં ચૂપ રહ્યો... મનમાં ને મનમાં ગૂંગળાતો-રૂંધાતો એ પોતાની જિંદગી જીવી રહ્યો હતો, પરંતુ એની અંદર એક ભારેલો અગ્નિ હતો. રાખની નીચે અંગારા સળગતા હતા. એની નસોમાં પણ લોહી તો રાજપૂતી જ હતું. હજી સુધી એ લોહી કોઈ પણ કારણસર ગરમ નહોતું થયું એ ખરું, પણ અજયસિંહનું લોહી હવે કોઈ પણ ક્ષણે ધગધગીને, નસો ફાડીને વહેવા માંડવાનું હતું એ વાતની એને પોતાને બીક લાગવા માંડી હતી.

પહેલાં કાકા, પછી પતિ અને એ બંનેની વચ્ચે સગા ભાઈઓ સહિત પુરુષોના આ જગતમાં

સતત સંઘર્ષ કરીને મહિમાને સમજાઈ ગયું હતું કે જો આ જગતમાં ટકવું હશે, સફળ થવું હશે તો પુરુષ કે લાગણીના ગુલામ બનવાને બદલે બંનેને પોતાના ગુલામ બનાવવા પડશે.

સત્તાવીસ વર્ષની નાનકડી ઉંમરે મહિમા જયસિંહ જિંદગીને ચેસની રમત બનાવીને જીવતાં શીખી ગઈ.

"દરેક માણસની એક કિંમત હોય છે, જે એના કપાળ પર લખેલી હોય છે. તમને એ વાંચતાં આવડવી જોઈએ." મહિમા કહેતી, "આ કિંમત માત્ર પૈસામાં જ હોય છે અથવા ચૂકવી શકાય એવું નથી. સ્ત્રી, સંપત્તિ, સફળતા, પ્રસિદ્ધિ, સન્માન... જાતજાતની કિંમતો હોય છે. બસ, ચૂકવતાં આવડે તો માણસને ખરીદવો અઘરો નથી."

સમય સાથે મહિમા પોતે પણ એક સોદાગર બની ગઈ. એ જ્યાં પગ મૂકે ત્યાં એણે જીતવું જ પડે એવો એક હઠાગ્રાહ એના વ્યક્તિત્વમાં ક્યારે ભળી ગયો એની મહિમાને પોતાને ખબર ન પડી.

■ ■ ■

આટલાં વર્ષોથી એક મોહક સ્મિત અને શાલીનતાના ધાબળા હેઠળ ધરબી રાખેલો પોતાનો ભય આજે રાહુલ સેનને જોઈને ફરી ફૂંફાડા મારવા લાગ્યો હતો.

અનિરુદ્ધ જે દિવસે ભારત પાછો ફરશે એ દિવસે એ રાહુલને મળ્યા વિના નહીં રહે એની મહિમાને ખાતરી હતી. આટલાં વર્ષો દરમિયાન એમનું એક પણ વેકેશન એવું નહોતું વીત્યું, જ્યારે અનિરુદ્ધે પોતાના પિતા વિશે સવાલો ન કર્યા હોય.

એમના વેકેશન દરમિયાન તો મહિમા ઉડાઉ જવાબો આપીને વાતને ટાળી દેતી રહી, કારણ કે મહિમાને ખાતરી હતી કે જ્યાં સુધી અનિરુદ્ધ વિદેશમાં છે ત્યાં સુધી એ સંપૂર્ણપણે પોતાના કાબૂમાં રહેશે. હવે જ્યારે પુખ્ત થઈ ગયેલો અનિરુદ્ધ ભારત પાછો આવવા થનગની રહ્યો હતો ત્યારે રાત-દિવસ મહિમાના મનમાં આ એક જ વિચાર સળવળ્યા કરતો હતો.

આ વિચારને કામની પાછળ, પોતાના વ્યસ્ત જીવન પાછળ ધકેલીને આંખો બંધ કરી, માથું રેતીમાં ખોસીને શાહમૃગની જેમ જીવી રહેલી મહિમા જયસિંહને આજે હકીકતનો સામનો કરવાની ફરજ પડી હતી.

પોતાની બાજુમાં બેઠેલો આ માણસ પોતાના એકમાત્ર સંતાન અને જીવનના એકમાત્ર આધારનો પિતા હતો એ વાત મહિમા કોઈ રીતે નકારી શકે એમ નહોતી. કાગળો પર ઍફિડેવિટ કરીને સંતાનનું નામ અનિરુદ્ધ મહિમા જયસિંહ કરવાથી રાહુલનું અસ્તિત્વ ભૂંસી નહીં શકાય એ વાત એને અત્યારે પોતાની બાજુમાં બેસીને મુસ્કુરાઈ રહેલા આ માણસના ચહેરા પર લખેલી વંચાતી હતી!

બેચેન - બેબાકળી થઈ ગયેલી મહિમાએ ચહેરા પરના સ્મિતને તો અકબંધ રાખ્યું, પરંતુ એની ભીતર એક એવો જ્વાળામુખી ફાટ્યો હતો, જેમાંથી ઊભરાતો લાવા એના મન, હૃદય, બુદ્ધિ અને આત્માને ઝુલસાવી રહ્યો હતો.

વિશ્વની 'ધ મોસ્ટ પાવરફુલ ટેન વીમેન ઑફ ધ વર્લ્ડ'ના લિસ્ટમાં જેનું નામ હતું એવી આ સ્ત્રી પોતાની અંદર ફફડી ઊઠેલી માને સધિયારો આપવાનો પ્રયત્ન કરતી સમારંભમાં હસતે મોઢે બેઠી હતી, પરંતુ આવનારા દિવસોની સાથે ઊઠનારા સવાલો હવે એનો શ્વાસ રૂંધી રહ્યા હતા.

■ ■ ■